# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૩૧ તા.૭-૭-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય – વિશ્વ વસતિ દિન અને સપ્તાહની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ – જસભ/તલમ/ વસતિ દિનની/૨૦૧૮/૩૧૪૨-૩૧૪૯, તા. ૨૮/૬/૨૦૧૮

આથી તમામ મ્યુનિસિપલ શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે પ્રાથમિક શાળામાં ૧૧ મી જુલાઇ વિશ્વ વસતિ દિન ઉજવવાનો થાય છે. તથા ૧૧ જુલાઇ થી ૧૮ જુલાઇ ૨૦૧૮ દરમ્યાન વસતિ સપ્તાહની ઉજવણી પ્રાથમિક શિક્ષક અને બાળકો દ્વારા કરવાની થાય છે. જે માટે આપની શાળામાં બાળકોની કક્ષાને અનુરૂપ ઉજવણી માટેનું કાર્યક્રમ આયોજન કરશો.

આ ઉજવણી માટે સહઅભ્યાસિક પ્રવૃતિ જેવી કે વિધાર્થી પોસ્ટર રેલી વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વાર્તાલાપ, રોલ પ્લે, શેરી નાટક, કવિઝનું આયોજન કરી શકાય. વસતિ શિક્ષણને લગતી સીડી તેમજ ફીલ્મ બતાવી શકાય, ધો.૧ થી ૮ માં આવતા વસતિ શિક્ષણને લગતાં પ્રકરણોમાંથી જાણકારી આપવી અને તેનું નાટયકરણ કરવું તેમજ રોલ પ્લે કરાવવો. આમ, વસતિ શિક્ષણ દિન અને સપ્તાહની વિવિધ પ્રવૃતિ કરી સમગ્ર સપ્તાહ દરમ્યાન થયેલ પ્રવૃતિઓનો ફોટોગ્રાફસ સાથેનો અહેવાલ બનાવી સી.આર.સી. કો. ઓ. ને તા.૨૦-૭-૨૦૧૮ ના રોજ મોકલી આપવો.

તા. ૭-૭-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી